### એટીએસ ઇન્સ્પેક્ટર બની રૂ. ૭ કરોડના મની લોન્ડરિંગ અને આતંકી ફંડિંગનો ડર બતાવી એફડી વટાવી રૂ. ૭૦ લાખ પડાવ્યાં

# પેટલાદના સિનિયર વકીલ ૧૫ દિવસ 'ડિજિટલ અરેસ્ટ'

**સાયબર** ક્રાઇમ પોલીસે વડોદરાથી આરોપીને ઝડપી પેટલાદ કોર્ટમાંથી ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા



(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૧

પેટલાદના સિનિયર વકીલ ડીજીટલ અરેસ્ટનો ભોગ બન્યા હતા. સાઈબર ક્રાઈમના આરોપીઓએ વોટ્સ-એપ કોલ થકી ધાક ધમકીઓ આપી વકીલને ફસાવી દીધા હતા. જેથી ડરના માર્યા આ 70 વર્ષીય વકીલે રૂ.70 લાખ જેટલી માતબર રકમ RTGS થી જુદા જુદા ખાતાઓમાં જમા કરાવી દીધા હતા. પરંતુ બાદમાં તેઓને ભાન થતા સાઈબર હેલ્પ લાઈન ઉપર ફરીયાદ કરતાં પોલીસ સક્રીય થયા હતા. જેઓએ વડોદરાથી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. જેને આજરોજ પેટલાદ કોર્ટમાં રજુ કરતા ત્રણ દિવસના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા હતા. આ સમગ્ર ફ્રોડમાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા સાઈબર ક્રાઈમ પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પેટલાદની હીના સોસાયટીમાં નાજીમોદ્દીન મૈયોદ્દીન મિર્ઝા (ઉ.વ.70) રહે છે. જેઓ વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા છે. ગત તા.05 જુન 2026ના રોજ સાંજે એક અજાણ્યા નંબર ઉપરથી વોટ્સ-એપ કોલ આવ્યો હતો. જેમાં સામેથી વાત કરનાર વ્યક્તિ મહારાષ્ટ્ર એટીએસના ઈન્સ્પેક્ટર અશોકકુમાર હોવાનું જણાવ્યુ હતુ. આ વકીલ દ્વારા જુદા જુદા ચાર બેંક ખાતાઓમાં રૂપિયા સાત કરોડ જેટલી રકમનું મની લોન્ડરીંગ કર્યું હોવાનું અશોકકુમારે કહ્યું હતું.

આ અશોકકુમારે એવું પણ કહ્યું હતું કે આ નાણાંનો ઉપયોગ પાકીસ્તાનમાં આતંકી પ્રવૃત્તિઓમાં થઈ રહ્યો છે. જેથી આ વકીલની ધરપકડ થઈ શકવાની વાત અશોકકુમારે કહી હતી. આ વાત સાંભળીને સિનિયર એડવોકેટ નાજીમોદ્દીન ડરના માર્યા ગભરાઈ ગયા હતા. જોકે સામેથી વાત કરતા અને કહેવાતા એટીએસ ઈન્સપેકટરે અન્ય ઉપરી અધિકારી સાથે વિડીયો કોલ મારફતે એવું પણ કહેવડાવ્યું હતું કે સંડોવણી નહીં હોવાનું સર્ટીફીકેટ અમે આપીશું. પરંતુ એ માટે રૂપિયા સાત કરોડની દસ ટકા એટલે કે રૂ.70 લાખ જેટલી રકમ વેરીફીકેશન માટે આપવી પડશે, જે ત્રણ દિવસ પછી પરત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ રકમ ભરવા બેંક ડીટેઈલ પણ વકીલને આપી હતી. જેમાં નાજીમોદ્દીન મિર્ઝાએ પોતાની બચત કરેલ રૂ.65 લાખની ફીક્સ ડિપોઝીટ વટાવી નાણાં ભર્યા હતા. આ સમગ્ર ઘટના તા.20 જુન 2026 સુધી ચાલુ રહી હતી. ત્યારબાદ નાજીમોદ્દીન વકીલ ઉપર એકપણ કોલ આવ્યો ન્હોતો. એટલે કે લગભગ 15 દિવસ સુધી ડિજીટલ અરેસ્ટ રહેલ સિનિયર એડવોકેટ નાજીમોદ્દીન મિર્ઝાને સાઈબર ફ્રોડ થયાનું ભાન થયું હતું. જેથી તેઓએ સમગ્ર ઘટનાની જાણ પુત્રને કરી હતી. જેથી તેઓએ સાઈબર હેલ્પ લાઈન ઉપર ફરીયાદ નોંધાવી હતી. જેના આધારે આણંદ જીલ્લા સાઈબર ક્રાઈમના પોલીસ અધિકારીઓએ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જે દરમ્યાન ગતરોજ વડોદરાથી એક આરોપી ભરત હંસાજી પ્રજાપતિ (મૂળ - રાજસ્થાન)ને ઝડપી પાડ્યો હતો. જેને પેટલાદ કોર્ટમાં રજુ કરતા પોલીસે ત્રણ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જે કોર્ટે મંજુર કર્યા હતા. પેટલાદમાં સાયબર ક્રાઈમનો સતત ત્રીજો ગુનો નોંધાયો છે.

#### સાયબર ઠગાઈનું પગેરૂં છેક કંબોડિયા સુધી લંબાયું

મળતી માહિતી મુજબ ડિજીટલ અરેસ્ટ થકી ચાલતા આ સાઈબર ફ્રોડનો રેલો છેક આફ્રિકાના કંબોડીયા સુધી પહોંચ્યો છે. આ ક્રાઈમમાં સંડોવાયેલ આરોપીઓ દ્વારા જુદા જુદા નામના 20 થી વધુ બેંક ખાતા રાખતા હોવાનું સામે આવ્યું છે. જેમાં જમા થતી રકમ તરત જ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર થઈ જતી હતી. આવા કેટલાક ખાતામાંથી કાશ્મીર સહિત દેશના જુદા જુદા રાજ્યો સુધી ટ્રાન્સફર થયા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આવા આંતર રાષ્ટ્રીય સાઈબર ફ્રોડના 50 થી વધુ ગુનાઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે.

# હર હર મહાદેવના નાદ સાથે શ્રાવણ માસનું સમાપન





**ચરોતરના** શિવાલયોમાં દિવસભર ભક્તિનો માહોલ છવાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

ચરોતર પંથકમાં દેવાધિદેવ મહાદેવ અને શ્રીકૃષ્ણની આરાધનાના પવિત્ર મહાપર્વ સમાન શ્રાવણ માસનું શુક્રવારે શ્રદ્ધા અને ભક્તિભાવ વચ્ચે સમાપન થયું હતું. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન શિવભક્તોએ ભોળાનાથને રીઝવવા વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, પૂજન-અર્ચન, અભિષેક અને ભજન-કીર્તન કર્યા હતા. શ્રાવણના અંતિમ દિવસે પણ ચરોતરના વિવિધ શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

શ્રાવણ માસના અંતિમ દિવસે પ્રસિધ્ધ શિવમંદિરો જેવા કે જીટોડીયાના સિદ્ધનાથ મહાદેવ, નડીયાદ કુંભનાથ મહાદેવ, કાણીસા કામનાથ મહાદેવ, ગળતેશ્વર મહાદેવ મંદિર સહિતના પ્રાચીન અને પ્રસિદ્ધ શિવમંદિરો સહિત દરેક શહેર ગામમાં આવેલા શિવમંદિરોમાં હર હર મહાદેવના જયઘોષ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. શિવભક્તોએ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન મુજબ ભગવાન શિવનું પૂજન કરી જળ, દૂધ, બિલિપત્ર સહિતની સામગ્રી અર્પણ કરી હતી. અનેક ભક્તોએ પીપળાના વૃક્ષ તેમજ નાગદેવતાને પણ જળ અર્પણ કરી પરંપરા જાળવી રાખી ધન્યતા અનુભવી હતી.

મંદિરોમાં વહેલી સવારથી જ ઘંટનાદ, શંખધ્વનિ અને ભજન-કીર્તનના સૂર ગુંજતા હોવાથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. ભક્તોએ પરિવાર સાથે મંદિરે પહોંચી મહાદેવના દર્શન કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ચરોતરના ગામોમાં મહાદેવના સાનિધ્યમાં પરંપરાગત લોકમેળાઓનું પણ આયોજન થયું હતું. જેના પગલે મંદિરો ઉપરાંત મેળા સ્થળોએ પણ મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. દિવસ દરમિયાન શિવભક્તિ સાથે ભજન અને ભોજનની જમાવટ જોવા મળી હતી.

# આણંદ: એમરી હોસ્પિટલમાં ૧૩મીએ અસ્થમા કેમ્પ યોજાશે

**નિ:શુલ્ક** કેમ્પમાં અગાઉથી નામ નોંધણી કરાવવા તાકીદ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદ શહેરની સાલ્વેશન આર્મી, એમરી હોસ્પિટલ દ્વારા આગામી રવિવાર, ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ વિવિધ પ્રકારની એલર્જી અને અસ્થમાથી પીડાતા તમામ ઉંમરના દર્દીઓ માટે વિશેષ નિ:શુલ્ક તપાસ અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વિન્સીયર એલર્જી અને અસ્થમા ક્લિનિકના જાણીતા નિષ્ણાત ડો. રશ્મિન સેસિલ અને તેમની તબીબી ટીમ વિનામૂલ્યે સેવાઓ આપશે.

આ કેમ્પ દરમિયાન વારંવાર ઉધરસ થવી, શ્વાસ કે હાંફ ચડવો, આંખો લાલ થવી કે પાણી પડવું, તેમજ નાક, આંખ, કાન અને શરીર પર ખંજવાળ આવવી જેવી તમામ પ્રકારની એલર્જીની તકલીફોનું અદ્યતન નિદાન અને સારવાર કરવામાં આવશે.

આ કેમ્પ આણંદ શહેર પોલીસ સ્ટેશન સામે આવેલી એમરી હોસ્પિટલમાં ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ (રવિવાર), સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ચાલશે. અલબત્ત, આ કેમ્પમાં ભાગ લેવા માટે અગાઉથી એપોઈન્ટમેન્ટ અને નામ નોંધાવવું ફરજિયાત છે. આ માટે મો. 99135 57505 અથવા 91576 30238 પર સંપર્ક કરી શકાશે. આ કેમ્પમાં મહત્તમ લોકોએ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# મહીસાગર નલ સે જલ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર એ.જી. રાજપરાની ધરપકડ

**સીઆઇડી** ક્રાઇમે લુણાવાડા સેશન્સ કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૧

મહીસાગર જિલ્લાના ૬૨૦ ગામોના ગરીબ પ્રજાજનોની 'નલ સે જલ' યોજનામાં આચરવામાં આવેલા રૂ. ૧૨૩ કરોડના ચકચારભર્યા કૌભાંડના મુખ્ય સૂત્રધાર અને લુણાવાડા વાસ્મો કચેરીના તત્કાલીન યુનિટ મેનેજર અબ્બાસઅલી (એ.જી. રાજપરા)ની અટકાયત કરવામાં આવી છે. ગાંધીનગર સી.આઇ.ડી. ક્રાઇમના તપાસ અધિકારી દ્વારા આરોપીને લુણાવાડા સેશન્સ અદાલતમાં રજૂ કરવામાં આવતા અદાલતે તેના ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

વડોદરા સીઆઇડી ક્રાઇમ દ્વારા અદાલત સમક્ષ કૌભાંડમાં છુપાયેલા સ્ફોટક રહસ્યો અને પુરાવાઓ એકત્ર કરવા અંદાજે ૨૦



જેટલા મહત્વના કારણો રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, જેની સામે અદાલતે ૧૦ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે.

પ્રાથમિક તપાસમાં ૬૨૦ ગામોના નલ સે જલ યોજનાના કામોના બિલો મંજૂર કરવા માટે ૧૦% લેખે લાંચના નાણાં ઉઘરાવ્યા હોવાના તેમજ પાઈપ ખરીદી, બોગસ બિલો અને સરકાર માન્ય સંસ્થાઓના નકલી ટેસ્ટિંગ રિપોર્ટ સ્વીકારીને મંજૂર કર્યા હોવાના ગંભીર આક્ષેપો છે. તેઓ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ભાગતા ફરતા આ આરોપીને કોણે આશરો આપ્યો ? લાંચના નાણાંમાંથી પોતાના કે સ્વજનોના નામે કેટલી સ્થાવર-જંગમ મિલકતો વસાવી છે ? અને મોબાઈલ કોલ ડિટેઈલ્સ સહિતના સ્ફોટક રહસ્યો અંગે સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

આ ધરપકડ અને ૧૦ દિવસના રિમાન્ડના પગલે ગાંધીનગર વાસ્મો કચેરીના મુખ્ય વહીવટી તંત્ર સુધી ભારે ખળભળાટ મચી ગયો છે અને કૌભાંડમાં સંડોવાયેલા અન્ય 'કિંગ મેકર' ચહેરાઓ સામે પણ ગૃહ વિભાગ દ્વારા કડક અને સખત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારુસેટ દ્વારા વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે નિમિત્તે હૃદયરોગ અને સ્ટ્રોક અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા

**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ARIP દ્વારા પ્રિન્સીપાલ ડો. ધ્રુવ દવેના માર્ગદર્શન હેઠળ હૃદયરોગ, સ્ટ્રોક અને શારીરિક તંદુરસ્તી અંગે જાગૃતિ લાવવા આઉટરીચ સેન્ટરોમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે "Prevent It Before It Begins" થીમ પર એઆઈ રીલ સ્પર્ધા, પ્લેજ વોલ તેમજ હાર્ટ હેલ્થ સ્ક્રીનિંગ, બ્લડ પ્રેશર અને સ્ટ્રોક રિસ્ક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સ્ટ્રોક જાગૃતિ અર્થે "BE FAST" શૈક્ષણિક સ્કિટ, એરોબિક્સ ફિટનેસ ડાન્સ, કસરત સેશન યોજાયા હતા. આ ઉપરાંત થામણા, મહુધા, આણંદ, નડિયાદ સહિતના સેન્ટરો તેમજ પાડગોલ ખાતે મેગા હેલ્થ ચેક-અપ કેમ્પ યોજી ગ્રામજનોને મફત આરોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



### નડિયાદના સંત જોસેફ ચર્ચ ખાતે 'દીકરીને પાંખો આપો' સંદેશ સાથે બાલિકાદિન સેમિનાર યોજાયો

નડિયાદ | સંત જોસેફ ચર્ચ ખાતે પવિત્ર મારિયાની જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ધર્મવિભાગ દ્વારા બાલિકાદિન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. રેવ. ફા. વોલ્ટર સિક્વેરાના સાંનિધ્યમાં શૈલેષ રાઠોડ અને ડો. પ્રીતિ રાઠોડે દીકરીઓને આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ અને ઉજ્જવળ ભવિષ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત દીકરીઓના સશક્તિકરણના પ્રયાસો બદલ રેવ. ફા. વોલ્ટર સિક્વેરા દ્વારા બંને વક્તાઓનું શાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### દાહોદના મુવાલિયા ફાર્મ ખાતે તુવેરની 'શ્વેતા' જાત અંગે એક દિવસીય ફિલ્ડ ડે યોજાયો

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે તુવેર પાકનો એક દિવસીય ફિલ્ડ ડે યોજાયો હતો. કઠોળ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા મિશન હેઠળ તુવેરની સુધારેલી જાત 'ગુજરાત તુવર ૧૦૯ (શ્વેતા)' ના પ્રચાર-પ્રસાર અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં ૬ ગામોના ૧૦૭ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને તુવેરની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, નવીનતમ જાતો, પિયત-નીંદણ વ્યવસ્થાપન અને પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે ખેડૂતોને ગુજરાત તુવર ૧૦૯ જાતના પ્લોટની પ્રત્યક્ષ મુલાકાત કરાવી તેની લાક્ષણિકતાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.



### આણંદના બાકરોલની સ્પેક કોલેજમાં 'ફ્રેમફ્યુઝન-૨૦૨૬' સ્પર્ધા યોજવામાં આવી

**આણંદ** | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ ખાતે સોશિયલ મીડિયા સેલ દ્વારા 'ફ્રેમફ્યુઝન-૨૦૨૬' ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી અને એડિટિંગ સ્પર્ધાનું સફળ આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને દૃશ્ય વાર્તાકથન નો વિકાસ કરવો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો. આ સ્પર્ધામાં ફોટોગ્રાફી વિભાગમાં રુશી પટેલ અને રીલ મેકિંગ વિભાગમાં નૈતિક પંચાલ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ટ્રસ્ટીગણ અને સ્પેક મેનેજમેન્ટે વિજેતાઓને શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.



### આણંદની ચરોતર ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઉત્સાહભેર શિક્ષક દિનની ઉજવણી



**આણંદ** | ચરોતર ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે 'શિક્ષક દિન'ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો તેમજ વિદ્યાર્થીઓમાં ગુરુજનો પ્રત્યે આદર, સન્માન અને કૃતજ્ઞતાની ભાવના કેળવવાનો હતો. વિદ્યાર્થીઓએ પોતે શિક્ષકની ભૂમિકા ભજવી વર્ગખંડનું શિક્ષણકાર્ય સંભાળ્યું હતું. પ્રસંગાનુરૂપ શાળાના આચાર્ય કાર્તિકકુમાર પટેલે જણાવ્યુ હતું કે શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં સિંચન કરનાર સચ્ચા ઘડવૈયા છે.

### નડિયાદની પ્રાથમિક શાળામાં આરોગ્ય, આહાર અને સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**નડિયાદ** | નડિયાદ સ્થિત સલુણ વૈદ્યના કૂવા પ્રાથમિક શાળા ખાતે ડો. એન.ડી. દેસાઈ હોસ્પિટલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં કુપોષણ અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સહાયક પ્રોફેસર ડો. રુત્વી, ડો. હેતલ અને ડો. ઉત્સવના માર્ગદર્શનમાં ઈન્ટર્ન ડોક્ટર્સે નાટક રજૂ કરી બાળકોને પૌષ્ટિક આહાર તથા કુપોષણની અસરો વિશે સરળ રીતે સમજાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતિ પ્રવચન આપી વિદ્યાર્થીઓને વ્યક્તિગત સ્વચ્છતા, સ્વચ્છ પર્યાવરણ અને સ્વસ્થ જીવનશૈલીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.



### નડિયાદની બી.બી.પટેલ હાઈસ્કૂલના ૩૨ વર્ષ બાદ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું



**નડિયાદ** | ડભોઈની બી.બી.પટેલ હાઈસ્કૂલમાં ૧૯૯૩/૯૪ના વર્ષમાં સાથે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓએ ૩૨ વર્ષના અંતરાલ બાદ શિક્ષકદિને પેટલાદ ખાતે સ્નેહમિલન યોજ્યું હતું. સર્વેએ ભૂતપૂર્વ શાળાની બેન્ચિસ પર બેસી જૂના સંસ્મરણો વાગોળ્યા હતા, જેમાં વિદેશ સ્થિત વીસેક વિદ્યાર્થીઓ વિડિઓકોલથી જોડાયા હતા. ભોજન-નાસ્તાનો ખર્ચ અમેરિકા સ્થિત આશિષ પટેલે તથા પાર્ટી પ્લોટની વ્યવસ્થા દિલીપ વાઘેલાએ ઉઠાવી આયોજન સફળ બનાવ્યું હતું. આ કાર્યક્રમના અંતે હેમા શાહે હાજર રહેલા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે 'બુકે મેકિંગ સ્પર્ધા' યોજાઇ

**આણંદ** | આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં સપ્તધારા યોજના હેઠળ હસ્તકલા કૌશલ્ય ધારા અંતર્ગત 'બુકે મેકિંગ સ્પર્ધા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝના અધ્યાપિકા મોનાલિબેન કુંભારની નિર્ણાયક તરીકે વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાયલ જે. ભોયે, દ્વિતીય ક્રમે પારૂલબેન સોલંકી અને આયુષી ગોહેલ તેમજ તૃતીય ક્રમે સીમાબેન મહિડા વિજેતા જાહેર થયા હતા. સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયન અને આચાર્ય જતીન પઢિયારના માર્ગદર્શનમાં સમગ્ર અધ્યાપક ગણના સહયોગથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.



### કપડવંજની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બ્રહ્માકુમારીઝ અને NSS દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર અને NSSના સંયુક્ત ઉપક્રમે વ્યસન મુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુવાઓએ વ્યસન મુક્તિ પર નાટક રજૂ કર્યું હતું અને NSS કોઓર્ડીનેટર ડો. અરવિંદભાઈએ વિદ્યાર્થીઓને સામૂહિક વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા લેવડાવી હતી. પ્રિન્સિપાલ ડો. વિષ્ણુભાઈ ત્રિવેદીએ પુસ્તક વાંચન અને સમાજ સેવાને ઉપયોગી વ્યસન ગણાવી તંબાકુ જેવા વ્યસનોથી દૂર રહેવા જણાવ્યું હતું. મુખ્ય વક્તા બ્રહ્માકુમારી પૂજાબેને તંબાકુ તથા મોબાઈલની ગુલામીમાંથી મુક્ત થવા મેડિટેશન કોમેન્ટ્રી દ્વારા સકારાત્મક ચિંતનની સમજ આપી હતી.



### કપડવંજના દંતાલી પ્રાથમિક શાળામાં એ. સી. પટેલ પરિવાર દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ કરાયું




**કપડવંજ** | કપડવંજ તાલુકાના દંતાલી પ્રાથમિક શાળાના બાળકોને એ. સી. પટેલ પરિવારના પી. એ. પટેલ તથા હરેન્દ્રકુમાર પટેલ પરિવાર તરફથી શૈક્ષણિક કીટ વિતરણ અને તિથિ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પરિવાર દ્વારા શાળાના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. અંબાલાલ ચતુરભાઈ પટેલ અને સ્વ. કોદીબેન પટેલની પુણ્યતિથિ નિમિત્તે છેલ્લા ૪૨ વર્ષથી નિયમિત દર વર્ષે આ સેવાકાર્ય યોજવામાં આવે છે. ચાલુ વર્ષે પણ શાળાના તમામ બાળકોને નોટબુક, પેન અને પેન્સિલ સહિતની શૈક્ષણિક કીટ આપીને તિથિ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેલનાર ગામના ગાયત્રી મહિલા ભજન મંડળ દ્વારા ભજન-સ્તુતિ સાથે ભક્તિ આરાધના કરવામાં આવી હતી.

### નડિયાદમાં જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ સમારોહમાં સંજયકુમાર નાયકનું બહુમાન કરાયું

**નડિયાદ** | નડિયાદ ખાતે શિક્ષક દિન નિમિત્તે જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો. આ ત્રિવેણી કાર્યક્રમમાં 12 શ્રેષ્ઠ શિક્ષકો, 100% પરિણામ મેળવનાર 39 આચાર્યો અને 131 શિક્ષકોને પૂરા પગારના હુકમ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં કપડવંજ તાલુકાની કસરજીના મુવાડા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક સંજયકુમાર નાયકને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમની શૈક્ષણિક અને વિશિષ્ટ કામગીરી બદલ તેમને પ્રમાણપત્ર, ટ્રોફી, શાલ અને રૂ. 5,000ની ઇનામી રાશિ એનાયત કરી બહુમાન કરાયું હતું.

